સીટીબસના ભાડામાં ૫૦ ટકા સુધીનો વધારો

ઈંધણના ભાવો વધતા ભાડામાં વધારો કરાયો : અપડાઉન કરતા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓમાં નારાજગી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં ચાલતી શહેરી બસ સર્વિસના ભાડામાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. ભાડામાં ૩૦ થી ૫૦ ટકા સુધીનો વધારો કરવામાં આવતા અપડાઉન કરતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોમાં સીટીબસ સર્વિસ ચાલે છે. વસાહતીઓને નજીવા ભાડાથી સેક્ટરોના આંતરિક માર્ગો સુધી અને અડાલજ, કોલવડા, વાવોલ, ચાંદખેડા, પેથાપુર અને ઉવારસદ જેવા ગ્રામ્ય વિસ્તારો સુધી જવા માટે બસની સુવિધા મળી રહી છે. આ બસ સર્વિસનું સંચાલન ખાનગી કંપની દ્વારા કરવામાં આવે છે. ગાંધીનગર શહેરના વસાહતીઓ આ બસ સર્વિસનો મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

ઈંધણના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વધારો થતા સીટીબસના ભાડામાં વધારો કરવામાં આવ્યો છે. બસના ભાડામાં ૩૦ થી ૫૦ ટકાનો વધારો કરવામાં આવતાં મુસાફરોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. સેક્ટર-૩૦ અને સેક્ટર-૨૧ના રૂટનું ભાડુ પથિકાશ્રમથી રૂ. ૯ હતુ જે વધીને રૂ. ૧૫ થઈ ગયુ છે. આવી જ રીતે ગ્રામ્ય વિસ્તારોના રૂટના ભાડામાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. સીટીબસ સર્વિસમાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અપડાઉન કરે છે ત્યારે ભાડામાં વધારો થતાં મોંઘવારીના સમયમાં પડ્યા પર પાટુ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

મનપાના નિરામય આરોગ્ય કેમ્પમાં ૬૩૩ દર્દીઓ આવ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે યોજાયેલ નિરામય આરોગ્ય કેમ્પનું આયોજન કરાયુ હતુ. જેમાં ૬૩૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લઈ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

સે. ૨૨ના રંગમંચ ખાતે યોજાયેલ આ નિરામય આરોગ્ય કેમ્પને જી.આઈ.ડી.સી.ના ચેરમેન બલવંતસિંહ રાજપૂતે ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જશવંતભાઈ પટેલ તેમજ નાયબ મ્યુનિ. કમિશનરો હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં યુ.એન. મહેતા કાર્ડિયોલોજી વિભાગ દ્વારા સે. ૨, સુઘડ અને સિવિલના સહયોગથી ટેલિમેડિસીનના નિષ્ણાતોનો લાભ ઉપલબ્ધ થયો હતો. જેમાં ૨૧ દર્દીના સ્થળ પર જ ઈસીજી કરવામાં આવ્યા હતા.

૨૦૨ દર્દીના સ્થળ પર બ્લડ સુગરની તપાસ કરવામાં આવી હતી જ્યારે ૧૧૧ દર્દીઓના યુરીન અને લોહીના નમૂના તપાસ માટે સિવિલમાં મોકલવામાં આવ્યા છે. ૪૩૨ દર્દીઓએ મેડીસીનની સેવાઓ, ચામડીના ૪૬ દર્દીઓએ, ડેન્ટલના ૨૭ દર્દીઓ, ઈ.એન.ટી.ના ૫૭ દર્દીઓએ તેમજ માનસિક રોગના ૭ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

દર્દીઓ અને મુલાકાતીઓ મનપાની આરોગ્ય ટીમની સેવાઓને બિરદાવી હતી.

શહેરમાં પાણી-ગટર વેરો વસુલવાની પ્રક્રીયા ઓનલાઈન કરવા માટે આયોજન

વેરા વસુલાતની નબળી કામગીરીમાં પણ સુધાર આવશે : હાલ બીલ વિતરણ અને ઝુંબેશના અંતે માંડ ૪૫ ટકા જ વસુલાત થાય છે : જોડાણકર્તાઓએ વેરો ચુકવવા કચેરી સુધી લાંબા થવુ નહીં પડે

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત ઝુંબેશના અંતે માંડ ૪૦ ટકા જ કામગીરી થઈ છે. અલબત્ત દર વર્ષની જેમ પાણી ગટર વેરાની વસુલાત અન્વયે નબળુ ચિત્ર સામે આવ્યુ છે. જો કે ગત વર્ષે કોરોનાની અસર વચ્ચે વસુલાતનો આંકડો સાવ નીચો જતો રહ્યો હતો જેની સાપેક્ષમાં વસુલાત વધુ થઈ છે. પરંતુ હજુ પણ લાંબા સમય સુધી પાણી ગટર વેરો ન ચુકવનારાઓની સંખ્યા વધુ છે. ત્યારે હવે પાણી ગટર વેરાની વસુલાતને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે તંત્ર દ્વારા ઓનલાઈન પ્રક્રીયા હાથ ધરવા માટે ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે. આ મામલે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ સાથે પણ બેઠક યોજવામાં આવી હતી. જેના અંતે આગામી દિવસોમાં વસુલાતની કામગીરી ઓનલાઈન કરી દેવાશે.

નોટબંધીના અંતે ઓનલાઈન પેમેન્ટનો ટ્રેન્ડ વધુ મજબુત બન્યો છે. ઘણાં ખરા સરકારી વિભાગોમાં પણ ઓનલાઈન ચુકવણા કરવામાં આવે છે. પરંતુ શહેરમાં હજુ ઘણાં સરકારી વિભાગો તેમજ કચેરીઓમાં ઓનલાઈન કામગીરીનો અભાવ વર્તાય છે. જેના લીધે કામગીરી પર તેની વિપરિત અસર જોવા મળી રહી છે. આ ઉપરાત બીલ કે વેરાના ચુકવણા માટે પણ નાગરિકોએ કચેરી સુધી ધક્કા ખાવા પડે છે. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત મામલે પણ આવી જ સ્થિતિ છે. એકબાજુ પાણી ગટર વેરાના બીલની વહેંચણી પણ મોડી થાય છે. જયારે માર્ચ મહીનામાં વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ વળતરના લાભ સાથે પણ વેરો ચુકવવામાં જોડાણકર્તાઓ નિરસતા દાખવતા વસુલાત ઝુંબેશના અંતે પણ માંડ ૪૦ ટકા જ કામગીરી થઈ શકે છે. આ સ્થિતિ વચ્ચે પાણી ગટર વેરાના બાકીદારોને નોટીસ પણ આપવામાં આવે છે. જેના અંતે વર્ષ દરમિયાન વેરો ભરવા માટે સતત

● અનુસંધાન પાન-૭ પર

નેશનલ એસેસમેન્ટ સર્વેમાં જિલ્લાના પાંચ હજાર બાળકો આવરી લેવાયા

ધો. ૩, ૫, ૮ અને ૧૦ ના બાળકોને આ એસેસમેન્ટમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૨

દિવાળીના વેકેશનમાં જ નેશનલ એસેસમેન્ટ સર્વે આજે ધો. ૩, ૫, ૮ અને ૧૦ના વિદ્યાર્થીઓનું યોજાયુ હતુ. જો કે બાળકોએ રજાના માહોલ વચ્ચે પણ પરીક્ષામાં સારી મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આજે જિલ્લાની ૧૯૬ શાળાઓમાં આ એસેસમેન્ટ અંગે ઓ.એમ.આર.શીટથી યોજવામાં આવ્યુ હતુ. કલોલમાં ધો. ૧૦ના ૧૦૦ ટકા બાળકોએ આ એસેસમેન્ટમાં ભાગ લઈ અનોખી સિદ્ધિ નોંધાવી છે. જિલ્લામાં આ ચારેય વર્ગોના ૯૧ ટકા જેટલા પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩ માં અને ૫ માં ૮૨ ટકા પરીક્ષાર્થીઓ, ધો. ૮ માં ૮૭ ટકા બાળકો તો ધો. ૧૦ માં ૯૧ ટકા બાળકોએ હાજરી આપી હતી.

આજે શાંતિપૂર્વક આ એસેસમેન્ટનું કાર્ય પૂર્ણ થતાં જિલ્લાતંત્રમાં પણ ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો. બે વર્ષ બાદ આ એસેસમેન્ટ યોજાયુ હતુ. જિલ્લામાં ધો. ૩ નું અને ૫ નું ૪૦ શાળામાં, ધો. ૮ નું ૭૫ શાળામાં તેમજ ધો. ૧૦ નું ૭૪ શાળામાં એસેસમેન્ટ યોજાયુ હતુ. પાંચ હજાર બાળકોને આવરી લેતા એસેસમેન્ટનું પરિણામ અને તારણો આવતાં બે માસ જેટલો સમય લાગશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લાની ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી અંગે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ

આ માસના અંત પહેલાં જાહેરનામુ પ્રગટ થશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાની ૧૮૦ ગ્રામ પંચાયતો સહિત રાજ્યની ૧૦ હજારથી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આગામી સપ્તાહના અંત પછી ગમે તે ઘડીએ જાહેર કરી દેવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીઓ અંગે તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ ચૂંટણીઓ માટેની મતદારયાદી ૨૮મી ઓક્ટો.ના રોજ પ્રસિદ્ધ થઈ ચુકી છે.

પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૨મી નવેમ્બર પછી આ ચૂંટણીઓ અંગે ગમે ત્યારે જાહેરાત થશે અને ડિસેમ્બરના છેલ્લા ત્રીજા કે છેલ્લા સપ્તાહમાં મતદાન યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૮૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે બે નાયબ મામલતદારોની જગ્યા પણ ઉભી કરવામાં આવી છે. આ ચૂંટણીઓ ઈ.વી.એમ.થી નહિ પણ બેલેટ પેપરથી યોજવામાં આવનાર છે. ચૂંટણી માટે જિલ્લામાં ચૂંટણી અધિકારીઓની નિયુક્તી પણ કરી દેવામાં આવી છે.

છેલ્લી સામાન્ય ચૂંટણીઓ દરમ્યાન જિલ્લામાં ૧૭ ગ્રામ પંચાયતો સમરસ બની હતી. જેમાં ગાંધીનગર ૨, દહેગામની ૫, માણસાની ૯ અને કલોલની ૧ ગ્રામ પંચાયત સમરસ બની હતી.

રાજ્યમાં પંચાયતો સમરસ બને તે માટે સરકાર દ્વારા આવી પંચાયતોને વિશેષ ગ્રાન્ટ આપવાની જાહેરાત પણ અમલમાં મુકાઈ હતી.

પંચાયતોની ચૂંટણી માટેના રોટેશન તેમજ વોર્ડ રચના પણ ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને આધારે તૈયાર કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરની હદમાં ૧૮ ગામ અને એક નગર પંચાયત તેમજ અમદાવાદમાં ૧ ગામ ભેળવ્યા પછી યોજાઈ રહેલી આ ચૂંટણીઓએ ગ્રામ્ય વિસ્તારમાં ભારે ઉત્તેજનાઓ જગાવી છે. આ ચૂંટણીને લઈ રાત્રિ બેઠકો પણ ચૂંટણી લડવા ઈચ્છુકો દ્વારા શરૂ થઈ ગઈ છે. જિલ્લામાં કલોલ-માણસા તાલુકાની હદમાં કરાયેલા ફેરફારો પણ આ ચૂંટણીમાં મહત્વની રાજકીય ચાલ જેવા પુરવાર થશે તેવુ ગણિત ગ્રામજનો માંડી રહ્યા છે કારણ કે આ હદ ફેરફારને પગલે ગ્રામજનોને હજુ પણ મુશ્કેલીઓ પડી રહી છે.

સે-૨૧ માં નિર્દોષને છરી મારી હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

વર્ષ ૨૦૧૩ માં ધોળાકુવાના એક વ્યકિતને રીક્ષામાંથી બહાર કાઢીને આરોપીએ છરીના ઘા માર્યા હતા

ગાંધીનગર તા ૧૨

પત્ની સાથે પ્રેમ સબંધ રાખતો હોવાના મામલે અદાવત રાખી સે-૨૧ માં છરીના ઘા મારીને એક નિર્દોષ વ્યકિતની હત્યા કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૬ ઓગષ્ટ વર્ષ ૨૦૧૩ ના રોજ ધોળાકુવામાં રહેતા મહેન્દ્ર ગોકળભાઈ રાવળ તેમની રીક્ષા લઈને સે-૨૧ અપના બજાર પાસેના માર્ગ પરથી પસાર થતા હતા તેવા સમયે રાંધેજામાં જુના રાવળ વાસમાં રહેતા પ્રકાશ ઉર્ફે પકો ચંદુભાઈ રાવળ તેમજ સુનીલ ચંદુભાઈ રાવળ તેમની રીક્ષા રોકાવીને આરોપી પ્રકાશે છરી કાઢીને તેમના પેટના અને કમરના ભાગે ઘા માર્યા હતા. આ દરમિયાન આરોપી સુનીલ પણ તેની રીક્ષા લઈને ઘટના સ્થળે આવી મહેન્દ્રભાઈ સાથે ખેંચતાણ કરી તેમની ચાંદીની લક્કી અને ખિસ્સામાંથી રોકડ રકમ નીચે પાડી દીધી હતી. ત્યારબાદ સ્થળ પરથી બન્ને આરોપીઓ રીક્ષામાં બેસી નાસી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા મહેન્દ્રભાઈનુ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતુ. બનાવ સંદર્ભે સે-૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે સે-૨૧ માં જાહેર માર્ગ પર નિર્દોષ વ્યકિતની હત્યા કરી છે આરોપી પર દયા નહી રાખી સખત સજા કરવી જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

બે તાલુકા વિકાસ અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના બે તાલુકા વિકાસ અધિકારીઓની આજે બદલી કરવામાં આવી છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આજે ૨૨ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકા વિકાસ અધિકારી રૂબીસિંહ રાજપૂત તથા માણસા તાલુકા વિકાસ અધિકારી જયાબેન કાપડિયાની બદલી કરાઈ છે. તેમના સ્થાને માણસામાં પૃથ્વીરાજસિંહ ગોહિલ અને દહેગામમાં કે.કે. ચૌધરીને નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં રવિ સીઝનમાં પાક પેટર્ન બદલાતી જોવા મળી

ચણા, રાઈ, મકાઈનો વાવેતર વિસ્તાર વધ્યો, નવા પાક તરીકે લસણની ખેતી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ધીમી ગતિએ રવિ સીઝનની વાવણીનો આરંભ થયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૨૮૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં ચોમાસાની મોડી વિદાયને પગલે રવિ સીઝનની વાવણી પણ મોડી શરૂ થઈ છે. આ વખતે રવિ સીઝનની વાવણીમાં થોડીક નવી પેટર્ન જોવા મળી છે.

જિલ્લામાં આ વખતે ઘઉંનું વાવેતર ૧૦૩૫ હેક્ટર, મકાઈનું વાવેતર ૮૦ હેક્ટર, ચણાનું વાવેતર ૧૭૫ હેક્ટર, રાઈનું વાવેતર ૭૯૯ હેક્ટર, તમાકુનું વાવેતર ૧૭૧ હેક્ટર, વરિયાળીનું વાવેતર ૪૦ હેક્ટર, બટાટાનું વાવેતર ૧૩૪૨ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૯૩૨ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૨૩૦૦ હેક્ટરમાં નોંધાયું છે.

જિલ્લામાં આ વખતે લસણની ખેતીનો પણ પ્રયોગ થયો છે. બે હેક્ટરમાં લસણની ખેતી દહેગામ તાલુકામાં થઈ છે.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનમાં ઓછી પિયતથી થતા પાકોના વાવેતર વિસ્તારમાં સારો એવો વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. ખાસ કરીને મકાઈ, ચણા,

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પરમ પૂજ્ય **શ્રી મોહનલાલ વીસનજી જોગી**, (નિવૃત્ત નાયબ કલેક્ટર) ઉ.વર્ષ ૮૯, તા. ૧૧/૧૧/૨૦૨૧ના રોજ વૈકુંઠવાસી થયેલ છે. **સદ્ગતનું બેસણું અમારા નિવાસ સ્થાને તા. ૧૪/૧૧/૨૦૨૧, રવિવારે સવારે ૯ થી ૧૧** દરમ્યાન રાખેલ છે...

નિવાસ સ્થાન: પ્લોટ નં . ૧૯૭/૧, સેક્ટર નં - ૧બી, ગાંધીનગર. ગુજરાત.

લી.

રચિત વી. જોગી
અ.સૌ. જાનકી રચિત જોગી
કુ. દિવિશા રચિત જોગી

ગ.સ્વ. કાન્તાબેન એમ. જોગી
ડો. વિજય એમ. જોગી.
(૯૪૨૭૦૫૧૦૨૦)
અ.સૌ. નયના વિજય જોગી
કૌશલ વિજય જોગી

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેકટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com